## સોશિયલ મીડિયા.કોમ

તમારી કિંમત એટલી જ રાખો જેટલી સામેવાળા ચૂકવી શકે
મોંઘા થઈગયા તો એકલા થઈ જશો

●

કઠિન પરિસ્થિતિમાં સંઘર્ષ કરવાથી એક અમૂલ્ય સંપત્તિ પ્રાપ્ત થાય છે,
જેનું નામ છે આત્મબળ.

●

કોઈપણ વ્યક્તિના જીવનની ઊંચાઈ ત્રણ પ્રમાણોથી માપવી જોઈએ :
હૃદયની મધુરતા, ઉદારતા અને વિનમ્રતા.

●

ખુદથી ખોવાયો છું, છતાં ખુદને શોધું છું,
અલ્પ અને અવતરણવિરામો વચ્ચે ધબકું છું.
- રાજેન્દ્ર ગોસ્વામી

●

માર્ગદર્શન સાચું મળે તો દીવાનો પ્રકાશ પણ
સૂરજનું કામ કરી જાય છે.

●

જિંદગી જ્યારે કઠિન સમયમાં નાચ નચાવે છે
ત્યારે ઢોલ વગાડનાર આપણા પરિચિતો જ હોય છે.

●

જિંદગીના અમુક દાખલા એવા હોય છે
જ્યાં પધ્ધતિ સાચી હોવા છતાં જવાબ શૂન્ય મળે છે

●

અડધો પ્યાલો છે અને અડધી તરસ છે
છલોછલ ના ભરો, કોઈ કહેશે ગરજ છે

●

ભુલો તો બંને તરફ હતી , ફરક બસ એટલો જ હતો . . .
એમણે ગણી . . . અમે અવગણી . . . !!!

●

સ્વીકારું છું કે . . .
હું સરોવર જેટલો મીઠો નથી . . .
પણ,
યાદ રાખજો કે , , ,
દરિયો ક્યારેય સુકાતો નથી ...!!!

●

નથી ગમતું ઘણું . . . પણ કંઈક તો એવું ગમે છે , , ,
કે બસ એને જ કારણે , આ ‘ ધરતી ‘ ઉપર રહેવું ગમે છે !

●

જીંદગીની નક્કર અને કડવી વાસ્તવિકતા...!
સંબંધ મોટાભાગે ખોટું બોલવાથી નહીં ,
પણ . . . સાચું બોલવાથી તૂટી જાય છે...!!!

●

ફક્ત અનુભૂતિ જુદી જુદી છે,
બાકી પ્રેમ અને નફરત તો . . .
એકજ હૃદય માં થી નીકળે છે....!!

●

સંબંધ લખવાના કે વાંચવાના નહીં,
જીવવાના હોય છે...!!

●

સહેજ હવામાં રહ્યો તો પછડાઈ ગયો,
ગુરુત્વાકર્ષણનો નિયમ સમજાઈ ગયો...!!!

●

લાગણીઓ ઉછીની મળતી નથી ,
કદાચ એટલે જ એ બધાને જડતી નથી ...!

●

ભુલ કરવા માટે કોઈપણ સમય સારો નથી,,
પરંતુ થઈ ગયેલ ભુલ ને સુધારવી હોય તો,
કોઈપણ સમય ખરાબ નથી.

●

કટુ સત્ય..
બધુ કરી શકતો વ્યકિત, પણ, જતુ નથી કરી શકતો...!!

●

કલાસમાં ટીચરએ ટાપુડાને પુછયુ કે આજે દેશને શેની જરૂર છે...?
ટાપુડો : આજે દેશને બહાદુર અને મહાન ૩૦૦ વ્યક્તિની જરૂર છે ??
ટીચર : કેમ એવું ? ૩૦૦ વ્યક્તિઓ જ કેમ?
ટપુડો : ૬૦-૬૫ તો મહાન વ્યક્તિ તો છે આપણા દેશમાં એમની જન્મ જયંતી એ તો રજા આવે જ છે હજી બીજા ૩૦૦ જેવા મહાન બની જાય તો આખું વરહ રજા મલી જાય...!!!

●

જીવનમાં જ્યારે અપ્રિય ઘટનાઓ બને છે ત્યારે
એની બે અસરો સર્જાવાની શક્યતા છે -
કાં તમે બુદ્ધિમાન બનશો ને કાં ઘાયલ.
શું બનવું એ તમારા હાથમાં છે.

●

રણને વટાવીને આવ તો સમંદર ઈનામમાં,
પર્વત ચઢીને આવ તો શિખર ઈનામમાં;
ઠેકી જે આવે ધર્મના વાડાની વાડને,
એના માટે જ રાખ્યો છે ઈશ્વર ઈનામમાં...!!

●

બોલો ! રણબીર અને દિપીકાનાં લગ્નમાં તો
માત્ર ૩૦ જ માણસો હતા !
બસ ! આટલા તો અમારે ત્યાં લગ્નમાં
રિસાઈને ખૂણામાં પડ્યા હોય છે !

●

જેની પાસે ઓછું છે તેને કોઈપણ સુખી કરી શકે છે,
પરંતુ જેને ઓછું પડે છે તેને ઈશ્વર પણ સુખી નથી કરી શકતો

●

કિંમતી તો ઘણું બધું હોય છે જીવનમાં,
પરંતુ સાચી કિંમત સમય જ સમજાવી શકે છે.

●

કર્મોથી માણસની ઓળખ થાય છે,
બાકી મોંઘાં કપડાં તો દુકાનમાં ઊભેલાં પૂતળાંય પહેરે છે.

●

ખોટી વાત અને અધૂરી વાત....
કેટલાય સંબંધ તોડી નાખે છે.

●

સારા સંસ્કાર કોઈ મોલમાંથી નહીં,
પરંતુ સારા માહોલમાંથી જ મળે છે.

●

બધી કળાઓમાં શ્રેષ્ઠ કળા છે
હળી-મળીને સાથે રહેવાની કળા.
બાકી, છૂટા પાડવાની કળા તો
લોકોના લોહીમાં જ હોય છે.

●

વાઘ અને ગધેડો વિવાદે ચઢયા..વાઘ કહે ઘાસ લીલું હોય છે..ગધેડો કહે ઘાસ પીળું હોય છે..ઝઘડો રાજા સિંહ પાસે ગયો..સિંહે વાઘને એક વર્ષની સજા કરી ..ગધેડો રાજીના રેડ થઈ ગયો...ગધેડો ગયા પછી વાઘે સિંહને પુછયું : મહારાજ, ઘાસ તો લીલુ જ હોય છે એ આપ પણ જાણો છો. તો પછી આપે મને સજા શું કામ કરી ?

સિંહે વાઘને જવાબ આપ્યો : તું ખોટો છે એવું મેં નથી કહ્યું, તું સાચો જ છે. પણ તારા જેવો શક્તિશાળી અને બાહોશ પ્રાણી એક તુચ્છ ગધેડા સાથે વિવાદમાં ઊતરે તે અક્ષમ્ય છે, તને એની સજા મળી છે !

બોધ : વિવાદ બરાબરીના પાત્ર સાથે કરવો, મૂર્ખને અવગણવા.

### ઈન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માટે

# કેએસવીના ૭ અધ્યાપકો યુકેના પંથે



ગાંધીનગર, તા. ૨૫

બ્રિટીશ હાઈ કમિશન અને જીટીઈપીના સહયોગથી આયોજિત ઈન્ડિયા-યુકે કૉલોબરેશનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય શરૂઆતથી ભાગીદાર છે, જે અંતર્ગત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને વિદ્યાર્થી સશક્તિકરણ પ્રોગ્રામમાં પણ વિશ્વવિદ્યાલય સામેલ થાય છે. ભારતમાં આઈઑફડીપી અંતર્ગત આયોજિત ફેકલ્ટી ડેવલપમેન્ટ વર્કશૉપમાં ૪૦૦ જેટલા અધ્યાપકોને બે તબક્કામાં તાલીમ આપ્યા બાદ રાજ્યભરમાંથી ૩૧ જેટલા અધ્યાપકોની પસંદગી ત્રીજા તબક્કા માટે કરવામાં આવી છે. ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો આ ત્રીજો તબક્કો ૧૦ દિવસ જેટલા સમયગાળા માટે લંડન, યુનાઈટેડ કિંગ્ડમ ખાતે યોજાઈ રહ્યો છે. આ દરમિયાન તેઓ કેટલીક યુનિવર્સિટીઝ અને કંપનીઝની મુલાકાત લેશે અને આજના વાતાવરણમાં વિદ્યાર્થીઓને તૈયાર કરવા બાબતે શ્રેષ્ઠ વાતાવરણ તૈયાર કરવા બાબતે વિચાર-વિમર્શ કરશે.

ગાંધીનગર માટે સમાચાર એ છે કે આ પ્રોગ્રામ માટે પસંદ થયેલા રાજ્યના ૩૧ અધ્યાપકો પૈકી ૭ અધ્યાપકો ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયના છે. આ સાતેય અધ્યાપકોને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રૅસિડેન્ટ વલ્લભભાઈ પટેલ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

### બ્રહ્માકુમારીઝ ઉર્જાનગરના દશમા વાર્ષિકોત્સવ નિમિત્તે

# આંતરીક વિકાસ આધ્યાત્મિક ભઠ્ઠી યોજાઈ




ગાંધીનગર, તા. ૨૫

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના ઉર્જાનગર સ્થિત સેવાકેન્દ્રના દશમા વાર્ષિકોત્સવ નિમિત્તો રાજયોગીની કૈલાશદીદીની અધ્યક્ષતામાં બ્રહ્માકુમારીઝના નિયમિત વિદ્યાર્થીઓ, બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીઓના આંતરિક આધ્યાત્મિક વિકાસ માટે વિશેષ જ્ઞાન-યોગ ભઠ્ઠીનું આયોજન સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્ર, રાયસણ ખાતે રવિવારે સવારે ૯થી સાંજે ૭ સુધી કરવામાં આવ્યું હતું. આ ભઠ્ઠી કરાવવા માટે બ્રહ્માકુમારીઝના આંતરરાષ્ટ્રિય મુખ્યાલય માઉન્ટ આબુથી રાજયોગી રામનાથભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, તેમની સાથે મીડિયા વિંગના રાજયોગી ગોવિંદભાઈ પણ પધાર્યા હતા. આ ભઠ્ઠીમાં સેકટર.૨૮, ચિલોડા, ઉર્જાનગર,સેકટર-૨, સરગાસણ, સરઢવ સેકટર-૩૦, સેકટર-૫ સેવાકેન્દ્રો અને ૭૦ જેટલી રાજયોગ ગીતા પાઠશાળાનાં ૧,૨૦૦ જેટલાં ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ભઠ્ઠીના પ્રારંભ માં બ્રહ્માકુમારી બહેનો અને રાજયોગી ગોવિંદભાઈ દ્વારા સૌને વિશેષ ધ્યાન-યોગ કરાવવામાં આવ્યો હતો. ઉર્જાનગર સેવાકેન્દ્ર સંચાલિકા રંજનબેને શબ્દોથી સૌનું સ્વાગત અભિવાદન કર્યું હતું.

રામનાથભાઈ અને ગોવિંદભાઈ દ્વારા તેમના પ્રવચનમાં સૌને આધ્યાત્મિક ઉન્નત્તિ માટે સુંદર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### બી પી કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશનના ૪૬ વિદ્યાર્થીઓનું

# ઈન્ડિયા ઈન્ફોલાઈન ખાતે ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ





કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી પી કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ માટે કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો હતો, જે અંતર્ગત બીબીએના ૪૬ વિદ્યાર્થીઓની ઈન્ડિયા ઈન્ફોલાઈન લિમિટેડમાં ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ માટે પસંદગી કરવામાં આવી હતી. પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના દ્વારા ઈન્ડિયા ઈન્ફોલાઈન કંપની તેમજ તેના પ્રતિનિધિ કેલાશ ઉપાધ્યાયને કાર્યક્રમમાં આવકારવામાં આવ્યા હતા.

કેલાશ ઉપાધ્યાયે જણવ્યું કે સ્નાતક કક્ષાએ પ્લેસમેંટ તેમજ ઈન્ટેન્શીપ કરાવતી ગુજરાતની પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે બીબીએ કૉલેજનું કાર્ય અદભૂત કહી શકાય. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે પ્રેક્ટિકલ જ્ઞાન આ ઈન્ટર્નશીપ દ્વારા મેળવશે અને આ ૪૫ દિવસમાં તાલીમ મેળવી મેનેજમેન્ટ અભ્યાસક્રમ સાથે સાથે પ્રેક્ટીકલ જ્ઞાન મેળવવાનાં અભિગમનો સદુપયોગ કરશે.

કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ વિભાગના હેડ ડૉ.જયેશ જે તન્ના અને ડો. આશિષ ભુવા દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું.

### જન્મદિને વધામણી



ગુંજન વોરા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૨૯૫૧૧



અલ્કાબેન
નરેન્દ્રભાઈ પ્રજાપતિ
મો. ૯૭૧૪૩ ૯૫૭૫૭



સ્વરા જિજ્ઞેશ રાવલ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦

# માત્ર ઈનકમિંગ માટે નહીં રાખી શકાય સીમ

# દર મહિને ફરજિયાત રિચાર્જ કરાવવું પડશે

### વોડાફોન આઈડિયા અને ઍરટૅલના ગ્રાહકોએ ૩૫ રૂપિયાનું મિનિમમ રિચાર્જ કરાવવું પડશે, જે ૨૮ દિવસ માટે વૅલીડ રહેશે

ગાંધીનગર, તા. ૨૫

વોડાફોન આઈડિયા અને ભારતી એરટેલે હવે તેમના પ્રિપેડ કાર્ડ યુઝર્સ માટે એક મહત્વનો નિર્ણય કર્યો છે. જોકે ટેલિકોમ કંપનીઓના આ નિર્ણયના કારણે યુઝર્સની મુશ્કેલીઓ વધવાની પણ શક્યતા છે. વોડાફોન આઈડિયા અને એરટેલે તેમના અમુક હદ કરતાં ઓછું રિચાર્જ કરાવતા યુઝર્સનો સાથ છોડી દેવાનું નક્કી કર્યું છે. આ બંને ટેલિકોમ કંપનીના ડેટા પ્રમાણે તેમના પ્રિપેડ ૨૫ કરોડ ૨જી યુઝર્સ મહિનામાં ૩૫ રૂપિયા કરતાં પણ ઓછો વપરાશ કરે છે. આ એવા યુઝર્સ છે જેઓ ડ્યુઅલ સીમ મોબાઈલ કનેક્શન ધરાવે છે. આમ એ લોકો માત્ર કનેક્શન ઈનકમિંગ કોલ અટેન્ડ કરવા માટે જ રાખે છે અને તેમાં તેઓ મહિનામાં રૂ. ૩૫ કરતાં પણ ઓછો ખર્ચ કરે છે. કંપની આવા યુઝર્સને average realisation per user યુઝર્સ ગણે છે. બંને મોટી ટેલિકોમ કંપનીઓએ રૂ. ૩૫નો મિનિમમ

airtel

vodafone

!dea


રિચાર્જ પ્લાન લોન્ચ કરીને હવે તેવા યુઝર્સ દૂર કરવા માગે છે જે તેમને પ્રોફિટ નથી આપી શકતા.

ટેલિકોમ કંપની દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે હાલ ભારતી એરટેલમાં ૧૦ કરોડ ગ્રાહકો એવા છે જે મહિને ૩૫ રૂપિયા કરતાં પણ ઓછો ખર્ચ કરે છે. જ્યારે વોડાફોન-આઈડિયામાં આ પ્રમાણેના અંદાજે ૧૫ કરોડ ટુજી કસ્ટમર છે. એરટેલ અને વોડાફોન આઈડિયાએ હવે ૧૦૦ રૂપિયા કરતા ઓછાનો ડેટા પ્લાન લોન્ચ કર્યો છે. તે સાથે આ પ્લાનની સમય મર્યાદા ૨૮ દિવસ જ રાખવામાં આવી છે. કંપનીના આ નિર્ણયથી અંદાજ આવે છે કે, છેલ્લાં બે વર્ષથી ઓછી કિંમતોના કારણે આ કંપનીઓ નુકસાન સહન કરી રહી હતી અને હવે તેઓ તેમના પ્રોફિટ વધારવા ઉપર ધ્યાન આપી રહી છે. કંપની હવે તેમના મિડલ અને અપર યુઝર્સ ઉપર વધારે ધ્યાન આપવા માંગી રહી છે. ટેલિકોમ માર્કેટમાં જીયોના આવ્યા પછી જ ડેટા વોર શરૂ થઈ છે અને તેના કારણે જ હવે મોટી ટેલિકોમ કંપનીઓએ આવા આકરાં પગલાં લેવા પડ્યાં છે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૩૬મો મણકો ॥

વકીલ તો સવારે ન આવ્યા પણ ગાંધીજીને પોતાની સાથે બેરિસ્ટર થયેલા વકીલ મંઝરુલ હક્કની યાદ આવી, જે આ જ શહેરમાં રહેતા હતા. તેમણે મંજરુલ હક્કને યાદ કર્યા ને તેઓ હાજર થઈ ગયા. પણ આ સમસ્યા બાબતે પોતે કંઈ જાણતા ન હોવાનું ને મુઝફ્ફરપુરના વકીલો જાણતા હોવાનું તેમણે જણાવ્યું. આથી ગાંધીજીએ મુઝફ્ફરપુર જવાનું નક્કી કર્યું.




ત્યાંથી રવાના થતી વેળાએ ગાંધીજીને શાંતિનિકેતનમાં ભેગા થઈ ગયેલા પ્રોફેસર જીવતરામનું નામ યાદ આવ્યું. તેમણે જીવતરામને પોતાના આવવાનો તાર કરી દીધો. જીવતરામ તો આથી ગેલમાં આવી ગયા. પણ તેમની કૉલેજના ગોરા પ્રિન્સીપાલ આ સમાચાર સાંભળીને ખુશ નહોતા. તેમના મનમાં જીવતરામની છાપ ‘ખુરાફાતી’ (તોફાની, ક્રાંતિકારી)ની હતી. તેમણે જીવતરામને ગાંધીજી વિશે પૂછ્યું, ‘સાંભળ્યું છે કે તમારે ત્યાં કોઈ મહેમાન આવવાના છે ?’ ‘હા, મિસ્ટર ગાંધી આવવાના છે.’ ‘That Notorious Gandhi ? ‘તમે ગાંધીને નોટોરિયસ કહો છો ? ફેમસ કહો. તમારી સરકારે જ એમને કેસરે હિન્દનો ખિતાબ આપ્યો છે’ પ્રો. જીવતરામે કહ્યું. પ્રિન્સીપાલને થયું, આમને સાથી ક્યાં જીભાજોડી કરવી તેથી તેમણે કહ્યું, ‘એમને આપણા કેમ્પસમાં ન લાવતા. કોઈ હોટલમાં ઉતારો આપજો અને વહેલા રવાના કરી દેજો.’ જીવતરામે જવાબ આપ્યો, ‘તમારા દેશમાં મહેમાનને હોટલમાં ઉતારો આપવાનો રિવાજ હશે, અમારા દેશમાં મહેમાનને હોટલમાં ઉતારો નથી અપાતો, અમે મહેમાનને ઘરમાં જ રાખીએ છીએ.’ ‘ઠીક છે ઠીક છે પણ એમને બને એટલા વહેલા રવાના કરજો.’ એ ગોરા પ્રિન્સીપાલે પોતાને જે ખૂંચતું’તું એ કહી દીધું.

150 ગાંધીયાત્રા

પ્રોફેસર જીવતરામ વિદ્યાર્થીઓમાં ખાસ્સા લોકપ્રિય હતા. તેથી રાત્રે ૧૨.૩૦ વાગ્યે આવતી ટ્રેન દ્વારા આવતા ગાંધીજીને લેવાય વિદ્યાર્થીઓનું ટોળું એકઠું કરી શક્યા હતા. તેમણે ગાંધીજીના સ્વાગત માટે કંકુ-ચોખા-થાળ ને નાળિયેરની વ્યવસ્થા પણ કરી હતી. તાર મળ્યો ત્યારથી ગાંધીજીને આવકારવા આતુર હતા ને કોઈ પરિચિત પાસેથી માંગીને ઘોડાગાડીની વ્યવસ્થા પણ તેમણે ગાંધીજી માટે કરી હતી. એ ઘોડાગાડી લેવા ગયા ત્યારે ટ્રેન સ્ટેશન પર આવી ગઈ હતી અને વિદ્યાર્થીઓ ગાંધીજીને આવકારવા ફર્સ્ટ ક્લાસના ડબ્બાની બહાર ઊભા હતા. પણ ગાંધીજી તો આવ્યા થર્ડ ક્લાસના ડબ્બામાં અને સ્ટેશન પર ઊતરીને શાંતિથી એક ખૂણામાં ઊભા રહ્યા. જીવતરામે આવીને તેમને ઓળખી કાઢ્યા ને પછી આરતી ઉતારીને તેમનું સ્વાગત કરાયું. ગાંધીજીને બગીમાં બેસાડ્યા પછી વિદ્યાર્થીઓએ એમ નક્કી કર્યું કે બગીને ઘોડા જોડવા જ નથી, ચાલો આપણે બગી જાતે જ ખેંચી લઈએ. પણ ગાંધીજીએ કહ્યું, તમેય ખેંચો ને હુંય સાથે ખેંચવા લાગીશ. વિદ્યાર્થીઓ બગીને ખેંચે એ વાતનો તેમણે વિરોધ કર્યો. આથી વિદ્યાર્થીઓએ ઘોડા જોડ્યા ને જીવતરામ સાથે ગાંધીજી બગીમાં બેઠા. વિદ્યાર્થીઓએ કહ્યું, રાતનો વખત છે ને જીવાત બહુ છે તેથી પડદા પાડી દો. બગીના પડદા પાડી દેવાયા ને ગાંધીજી જીવતરામ સાથે વાતોમાં લાગી ગયા અને વિદ્યાર્થીઓએ ક્યારે ઘોડા છોડીને બગી જાતે ખેંચીને ઠેકાણે પહોંચાડી દીધી એ ગાંધીજીને ખ્યાલ જ ન આવ્યો. ગાંધીજીએ અનુભવ્યું કે વિદ્યાર્થીઓએ તેમને છેતર્યા હતા પણ આ એવું છેતરાવાનું હતું જે ગાંધીજીને પણ ગમ્યું હોત.

નીલવરોના એસોસિએશનનું હેડ ક્વાર્ટર એ સમયે મુઝફ્ફરપુરમાં હતું. આથી ગાંધીજી અહીં ઉતરવા માંગતા હતા. જેમનો વિરોધ કરવા પોતે જઈ રહ્યા હતા તેમનું મન પણ તેમને જાણવું હતું. અલબત્ત, તેમને અહીં આવતાં જ ચિમકી તો મળી જ ગઈ હતી : ‘તમે રહ્યા પરદેશી માણસ. તમને અહીંની કશી ખબર ના પડે. તમે ત્યાં અમદાવાદમાં જ કામ કરો. આમાં કંઈ પડવા જેવું નથી.’ પણ ગાંધીજી એમ હાર માને એવા ન હતા. એ વખતે છ જિલ્લાની કમિશનરી હતી, એના કમિશરને પણ તેઓ મળ્યા ને જે કોઈ વ્યક્તિ એમને આ વિષયમાં માહિતી આપી શકતી હતી એ બધાને મળવાનું તેમણે ચાલુ રાખ્યું. એ પછી એક વાત તેમને સમજાઈ ગઈ કે નીલવરોને અને સરકારી અધિકારીઓને સાંઠગાંઠ છે.

તેથી તેમણે ચંપારણ જવાનું નક્કી કર્યું. ચંપારણના મુખ્ય ગામ મોતીહારીમાં તેઓ ગયા. ત્યાં ગયા પછી તેમણે કાયદાની આંટીઘૂંટીને પહોંચી વળવા તેમના વકીલમિત્ર રાજેન્દ્રપ્રસાદને બોલાવ્યા (જેમના ઘરે પટનામાં તેમને વરંડામાં ઉતારો અપાયો હતો તે વકીલમિત્ર આ જ રાજેન્દ્રપ્રસાદ, જેઓ પછી આઝાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા), ઉત્તર બિહારમાંથી વ્રજકિશોર પ્રસાદને પણ બોલાવ્યા. આ વ્રજકિશોર એ જયપ્રકાશ નારાયણના સસરા અને એ પોતાના વિસ્તારના બહુ પ્રતિષ્ઠિત માણસ, એવા જ જ્ઞાની. એમની સાથે ધરણીધરબાબુનેય બોલાવ્યા ગાંધીજીએ. જોકે, બોલાવીને એક વાત સ્પષ્ટપણે જણાવી દીધી કે ‘મારે તો તમારી પાસે લહિયાનું જ કામ કરાવવાનું છે. અહીંના લોકોની જે સમસ્યા છે તે સાંભળીને લખવાની છે એ માટે તમને બોલાવ્યા છે.’ ‘કંઈ વાંધો નહીં. તમે અમારે ત્યાં આવીને આ કામ ઉપાડ્યું છે તો અમે આ કામ પણ કરીશું’ એમ કહી તેમણે લહિયાની કામગીરી કરવાનું પણ સ્વીકાર્યું હતું. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક ‘ગાંધીકથા’
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ